	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૧/૦૪/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૪૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૬	૦	૧૩૬	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૯	૦	૧૦૦૬૮૯	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬	૨,૨૮,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૩૮૩ લીટર દેશી દારૂ, ૧૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ- **સમાચાર યાદી નં.૬૪૬/૨૦૨૨**

સરદારનગરઃ ભાવિકાબહેન ડો/ઓ મહેશકુમાર લાલવાણી (ઉ.વ.૨૨) (રહે. ઓમશાંતિઓમ રેસીડેન્સી આર. ગ્રીનની બાજુમાં માયા સીનેમા રોડ કુબેરનગર) એ તા.૧૦/૦૪/૨૦૨૨ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૦ થી તા.૨૯/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઝીસાનઅલી મહમંદયુસુફ અંસારી (રહે. સમીર રેસીડેન્સી રાજીવનગર મસ્તાનાવાલા દરગાહ સામે સરખેજ)એ ગુગલ પે તેમજ રોકડ થી એમેઝોન એપ ઉપર થી સસ્તા ભાવે ૫૦% ઓછી કિંમતમાં ૩૦ થી ૩૫ દિવસના સમયમાં ચીજ-વસ્તુઓ ખરીદવા માટે ભાવિકાબહેન પાસેથી અલગ-અલગ વસ્તુઓ એમેઝોન કંપનીમાંથી ખરીદવા સારૂ કુલ રૂપિયા ૪૦,૭૫,૫૩૦/- મેળવી લઇ, એમેઝોનમાંથી કોઇ ચિજવસ્તુ ખરીદ કરી નહી આપી તેમજ ભાવિકાબહેન પાસેથી લીધેલ નાણા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૪૭/૨૦૨૨**

રાણીપઃ મયુરભાઇ પંકજભાઇ વાઘેલા (રહે.બંધુનગર ફલેટ ડી-માર્ટ પાછળ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૨ કલાક ૧૦/૦૦ થી તા.૧૦/૦૪/૨૦૨૨ સવારના ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૯,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૪૮/૨૦૨૨**

બાપુનગરઃ શુશીલાબહેન વા/ઓ રમેશભાઇ કલ્યાણકર (ઉ.વ.૪૧) (રહે. હકિમ શેઠની ચાલી એસ.બી.આઇ બેંક સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૧૦/૦૪/૨૦૨૨ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ઓટલા ઉપર બેઠા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શુશીલાબહેન કલ્યાણકરના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૪૯/૨૦૨૨**

શહેરકોટડાઃ બાપુનગર ડી-માર્ટની પાછળ આવેલ અક્ષર પરષોતમ એસ્ટેટ ખાતે કારખાનામાં કામ કરતા અને મેઘાણીનગર ભાર્ગવ રોડ કુંભાજીની ચાલી ખાતે રહેતા દિનેશ ઉર્ફે છોટુ હોતમસિંહ પરીહાર (ઉ.વ.૨૧) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા કારખાના ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.